અજિત મુદ્રણાલય, સોનગઢ

કિંમત
પંદર પૈસા

ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા, પુષ્પ-૨૦૪

શ્રીમત્ પૂજ્યપાદસ્વામિવિરચિત

# સમાધિતંત્ર (સમાધિશતક)

## [ ગુજરાતી પદ્યાનુવાદ ]

: અનુવાદક :
છોટાલાલ ગુલાબચંદ ગાંધી,
બી. એ. ઑનર્સ, એસ. ટી. સી.

: પ્રકાશક :
શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
સોનગઢ (સૌરાષ્ટ્ર)

## —: નિવેદન :—

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ–સોનગઢ (સૌરાષ્ટ્ર) તરફથી, શ્રીમત્ **પૂજ્યપાદસ્વામિવિરચિત 'સમાધિતંત્ર'** (બીજું નામ **સમાધિશતક**) નામનો આધ્યાત્મિક ગ્રન્થ—મૂળ શ્લોકો, અન્વયાર્થ, ભાવાર્થાદિ તથા શ્રી પ્રભાચન્દ્રવિનિર્મિત સંસ્કૃત ટીકા ગુજરાતી અનુવાદ સહિત—પ્રકાશિત થયો છે. તેના શ્લોકોનો આ ગુજરાતી પદ્યાનુવાદ છે. તે સદ્ધર્મપ્રેમી **ભાઈશ્રી છોટાલાલ ગુલાબચંદ ગાંધી** (સોનાસણવાળા)એ તૈયાર કરેલ છે. તેમાં યોગ્ય સુધારો કરી તેને સુવ્યવસ્થિત કરવામાં પંડિતવર્ય શ્રીયુત હિંમતલાલ જે. શાહ બી. એસસી.–એ ઘણો શ્રમ લઈ અનુવાદને ઓપ આપ્યો છે. તે માટે તે બંને મહાનુભાવોનો આભાર માનવામાં આવે છે.

**સોનગઢ**
તા. ૨૧–૧૧–૬૯

સાહિત્ય પ્રકાશન સમિતિ,
**દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,**
સોનગઢ

ૐ

શ્રીમત્ પૂજ્યપાદસ્વામિવિરચિત

# સમાધિતંત્ર (સમાધિશતક)

નો

## ગુજરાતી પદ્યાનુવાદ

(દોહરા)

**નમું સિદ્ધ પરમાત્મને, અક્ષય બોધસ્વરૂપ;**
**જેણે આત્મા આત્મરૂપ, પર જાણ્યું પરરૂપ. ૧.**

**બોલ્યા વિણ પણ ભારતી-ઋદ્ધિ[1] જ્યાં જયવંત,**
**ઇચ્છા વિણ પણ જેહ છે તીર્થંકર ભગવંત,**
**વંદું તે સકલાત્મને શ્રી તીર્થેશ જિનેશ,**
**સુગત તથા જે વિષ્ણુ છે, બ્રહ્મા તેમ મહેશ. ૨.**

**આગમથી ને લિંગથી,[2] આત્મશક્તિ અનુરૂપ,**
**હૃદયતણા ઐકાગ્ર્યથી, સમ્યક્ વેદી સ્વરૂપ,**
**મુક્તિસુખ–અભિલાષીને કહીશ આતમરૂપ,**
**પરથી, કર્મકલંકથી, જેહ વિવિક્ત[3] સ્વરૂપ. ૩.**

---

૧. ભારતી-ઋદ્ધિ=વાણીની વિભૂતિ. ૨. લિંગ=અનુમાન અને હેતુ.
૩. વિવિક્ત=ભિન્ન.

આત્મ ત્રિધા[૧] સૌ દેહીમાં—બાહ્યાંતર-પરમાત્મ;
મધ્યોપાયે પરમને ગ્રહો, તજો બહિરાત્મ. ૪.

આત્મભ્રાન્તિ દેહાદિમાં કરે તેહ 'બહિરાત્મ';
'આન્તર' વિભ્રમરહિત છે, અતિનિર્મળ 'પરમાત્મ'. ૫.

નિર્મળ, કેવળ, શુદ્ધ, જિન, પ્રભુ, વિવિક્ત, પરાત્મ,
ઈશ્વર, પરમેષ્ઠી અને અવ્યય[૨] તે પરમાત્મ. ૬.

ઇન્દ્રિય દ્વારા વિષયમાં બહાર ભમે બહિરાત્મ;
આતમજ્ઞાનવિમુખ તે માને દેહ નિજાત્મ. ૭.

નરદેહે સ્થિત આત્મને નર માને છે મૂઢ,
પશુદેહે સ્થિતને પશુ, સુરદેહે[૩] સ્થિત સુર; ૮.

નરક-તને[૪] નારક ગણે, પરમાર્થે નથી એમ,
અનંત [૫]ધી-શક્તિમયી, અચળરૂપ, નિજવેદ્ય. ૯.

નિજ શરીર સમ દેખીને પરજીવયુક્ત શરીર,
માને તેને આતમા, બહિરાતમ મૂઢ જીવ. ૧૦.

વિભ્રમ પુત્ર-રમાદિગત[૬] આત્મ-અજ્ઞને[૭] થાય,
દેહોમાં છે જેહને આતમ-અધ્યવસાય.[૮] ૧૧.

---

૧. ત્રિધા=ત્રણ પ્રકારે. ૨. અવ્યય=અવિનાશી; પોતાના શુદ્ધસ્વરૂપથી ભ્રષ્ટ નહિ થએલા. ૩. સુર=દેવ. ૪. તન=શરીર. ૫. ધી=બુદ્ધિ; જ્ઞાન. ૬. રમા=સ્ત્રી. ૭. આત્મ-અજ્ઞ=આત્માને નહિ જાણનાર. ૮. આતમ-અધ્યવસાય=આત્માની માન્યતા.



આ ભ્રમથી અજ્ઞાનમય દૃઢ જામે સંસ્કાર;
અન્ય ભવે પણ દેહને આત્મા ગણે ગમાર. ૧૨.

દેહબુદ્ધિ જન આત્મને કરે દેહસંયુક્ત;
આત્મબુદ્ધિ જન આત્મને તનથી કરે વિમુક્ત. ૧૩.

દેહે આતમબુદ્ધિથી સુત-દારા[૧] કલ્પાય;
તે સૌ નિજ સંપત ગણી, હા! આ જગત હણાય. ૧૪.

ભવદુઃખોનું મૂળ છે દેહાતમધી જેહ;
છોડી, રુદ્ધેન્દ્રિય[૨] બની, અંતરમાંહી પ્રવેશ. ૧૫.

અનાદિચ્યુત નિજરૂપથી, રહ્યો હું વિષયાસક્ત;
ઇન્દ્રિયવિષયો અનુસરી, જાણ્યું નહિ 'હું'તત્ત્વ. ૧૬.

બહિર્વચનને છોડીને, અંતર્વચ સૌ છોડ;
સંક્ષેપે પરમાત્મનો દ્યોતક[૩] છે આ યોગ. ૧૭.

રૂપ મને દેખાય જે, સમજે નહિ કંઈ વાત;
સમજે તે દેખાય નહિ, બોલું કોની સાથ? ૧૮.

બીજા ઉપદેશે મને, હું ઉપદેશું અન્ય;
એ સૌ મુજ ઉન્મત્તતા,[૪] હું તો છું અવિકલ્પ. ૧૯.

---

૧. દારા=સ્ત્રી. ૨. રુદ્ધેન્દ્રિય=રોકેલી ઇન્દ્રિયોવાળો.
૩. દ્યોતક=પ્રકાશ કરનાર. ૪. ઉન્મત્તતા=ઉન્માદપણું.

ગ્રહે નહીં અગ્રાહ્યને, છોડે નહીં ગ્રહેલ,
જાણે સૌને સર્વથા, તે હું છું નિજવેદ્ય.[1] ૨૦.

સ્થાણુ વિષે નરભ્રાન્તિથી થાય વિચેષ્ટા જેમ;
આત્મભ્રમે દેહાદિમાં વર્તન હતું મુજ તેમ. ૨૧.

સ્થાણુ[2] વિષે વિભ્રમ જતાં થાય સુચેષ્ટા જેમ;
ભ્રાન્તિ જતાં દેહાદિમાં થયું પ્રવર્તન તેમ. ૨૨.

જે રૂપે હું અનુભવું નિજ નિજથી નિજમાંહી,
તે હું, નર-સ્ત્રી-ઇતર નહિ, એક-બહુ-દ્વિક નાહિં. ૨૩.

નહિ પામ્યે નિદ્રિત હતો, પામ્યે નિદ્રામુક્ત,
તે નિજવેદ્ય, અતીન્દ્રિ ને અવાચ્ય[3] છે મુજ રૂપ. ૨૪.

જ્ઞાનાત્મક મુજ આત્મ જ્યાં પરમાર્થે વેદાય,
ત્યાં રાગાદિવિનાશથી નહિ અરિ-મિત્ર જણાય. ૨૫.

દેખે નહિ મુજને જનો, તો નહિ મુજ અરિ-મિત્ર;[4]
દેખે જો મુજને જનો, તો નહિ મુજ અરિ-મિત્ર. ૨૬.

એમ તજી બહિરાત્મને, થઈ મધ્યાત્મસ્વરૂપ;
સૌ સંકલ્પવિમુક્ત થઈ, ભાવો પરમસ્વરૂપ. ૨૭.

૧. નિજવેદ્ય=પોતાથી અનુભવવા યોગ્ય. ૨. સ્થાણુ=ઝાડનું ઠૂંઠું.
૩. અવાચ્ય=ન કહી શકાય તેવું. ૪. અરિ=શત્રુ.



તે ભાવ્યે 'સોહમ્' તણા જામે છે સંસ્કાર;
તદ્ગત[1] દૃઢ સંસ્કારથી આત્મનિમગ્ન[2] થવાય. ૨૮.

મૂઢ જહીં વિશ્વસ્ત છે, તત્સમ[3] નહિ ભયસ્થાન;
જેથી ડરે તેના સમું કોઈ ન નિર્ભય ધામ. ૨૯.

ઇન્દ્રિય સર્વ નિરોધીને, મન કરીને સ્થિરરૂપ,
ક્ષણભર જોતાં જે દીસે, તે પરમાત્મસ્વરૂપ. ૩૦.

જે પરમાત્મા તે જ હું, જે હું તે પરમાત્મ;
હું જ સેવ્ય મારા વડે, અન્ય સેવ્ય નહિ જાણ. ૩૧.

વિષયમુક્ત થઈ મુજ થકી જ્ઞાનાત્મક મુજસ્થિત,
મુજને હું અવલંબું છું પરમાનંદરચિત. ૩૨.

એમ ન જાણે દેહથી ભિન્ન જીવ અવિનાશ;
તે તપતાં તપ ઘોર પણ, પામે નહિ શિવવાસ.[4] ૩૩.

આતમ-દેહવિભાગથી ઊપજ્યો જ્યાં આહ્લાદ,
તપથી દુષ્કૃત ઘોરને વેદે પણ નહિ તાપ. ૩૪.

રાગાદિક-કલ્લોલથી મન-જળ લોલ[5] ન થાય,
તે દેખે ચિદ્તત્ત્વને, અન્ય જને ન જણાય. ૩૫.

૧. તદ્ગત=તે સંબંધી. ૨. નિમગ્ન=લીન. ૩. તત્સમ=તેના જેવું.
૪. શિવ=મોક્ષ. ૫. લોલ=ચંચળ.

અવિક્ષિપ્ત મન તત્ત્વ નિજ, ભ્રમ છે મન વિક્ષિપ્ત;[1]
અવિક્ષિપ્ત મનને ધરો, ધરો ન મન વિક્ષિપ્ત. ૩૬.

અજ્ઞાનજ[2] સંસ્કારથી મન વિક્ષેપિત થાય;
જ્ઞાનજ સંસ્કારે સ્વતઃ તત્ત્વ વિષે સ્થિર થાય. ૩૭.

અપમાનાદિક તેહને, જસ મનને વિક્ષેપ;
અપમાનાદિ ન તેહને, જસ મન નહિ વિક્ષેપ. ૩૮.

યોગીજનને મોહથી રાગદ્વેષ જો થાય;
સ્વસ્થ નિજાત્મા ભાવવો, ક્ષણભરમાં શમી જાય. ૩૯.

તનમાં મુનિને પ્રેમ જો, ત્યાંથી કરી વિયુક્ત,
શ્રેષ્ઠ તને જીવ જોડવો, થશે પ્રેમથી મુક્ત. ૪૦.

આત્મભ્રમોદ્ભવ[3] દુઃખ તો આત્મજ્ઞાનથી જાય;
તત્ર યત્ન વિણ, ઘોર તપ તપતાં પણ ન મુકાય. ૪૧.

દેહાતમધી અભિલષે[4] દિવ્ય વિષય, શુભ કાય;
તત્ત્વજ્ઞાની તે સર્વથી ઇચ્છે મુક્તિ સદાય. ૪૨.

પરમાં નિજમતિ નિયમથી સ્વચ્યુત[5] થઈ બંધાય;
નિજમાં નિજમતિ જ્ઞાનીજન પરચ્યુત થઈ મુકાય. ૪૩.

---

૧. વિક્ષિપ્ત=આકુલિત. ૨. અજ્ઞાનજ=અજ્ઞાનથી ઉત્પન્ન થએલા.
૩. આત્મભ્રમોદ્ભવ=આત્માના ભ્રમથી ઉત્પન્ન. ૪. અભિલષે=ઇચ્છે.
૫. ચ્યુત=ભ્રષ્ટ.



નિજ આત્મા ત્રણ લિંગમય માને જીવ વિમૂઢ;
સ્વાત્મા વચનાતીત ને સ્વસિદ્ધ માને બુધ. ૪૪.

યદ્યપિ આત્મ જણાય ને ભિન્નપણે વેદાય,
પૂર્વભ્રાન્તિ-સંસ્કારથી પુનરપિ વિભ્રમ થાય. ૪૫.

દૃશ્યમાન આ જડ બધાં, ચેતન છે નહિ દૃષ્ટ;
રોષ કરું ક્યાં ? તોષ ક્યાં ? ધરું ભાવ મધ્યસ્થ. ૪૬.

મૂઢ બહિર્ ત્યાગે-ગ્રહે, જ્ઞાની અંતરમાંય;
નિષ્ઠિતાત્મને[1] ગ્રહણ કે ત્યાગ ન અંતર્બાહ્ય. ૪૭.

જોડે મન સહ આત્મને, વચ-તનથી કરી મુક્ત;
વચ-તનકૃત વ્યવહારને છોડે મનથી મુક્ત. ૪૮.

દેહાતમધી જગતમાં કરે રતિ વિશ્વાસ;
નિજમાં આતમદૃષ્ટિને ક્યમ રતિ ? ક્યમ વિશ્વાસ ? ૪૯.

આત્મજ્ઞાન વણ કાર્ય કંઈ મનમાં ચિર નહિ હોય;
કારણવશ કંઈ પણ કરે ત્યાં બુધ[2] તત્પર નો'ય. ૫૦.

ઇન્દ્રિદૃશ્ય તે મુજ નહીં, ઇન્દ્રિય કરી નિરુદ્ધ,
અંતર્ જોતાં સૌખ્યમય શ્રેષ્ઠ જ્યોતિ મુજ રૂપ. ૫૧.

---

૧. નિષ્ઠિતાત્મને=શુદ્ધ સ્વરૂપમાં સ્થિત આત્માને. ૨. બુધ=જ્ઞાની.

પ્રારંભે સુખ બાહ્યમાં, દુખ ભાસે નિજમાંય;
ભાવિતાત્મને[1] દુખ બહિર્, સુખ નિજ આતમમાંય. ૫૨.

તત્પર થઈ તે ઇચ્છવું, કથન-પૃચ્છના એ જ;
જેથી અવિદ્યા નષ્ટ થઈ, પ્રગટે વિદ્યાતેજ. ૫૩.

વચ-કાયે જીવ માનતો, વચ-તનમાં જે ભ્રાન્ત;
તત્ત્વ પૃથક્[2] છે તેમનું—જાણે જીવ નિર્ભ્રાન્ત. ૫૪.

ઇન્દ્રિયવિષયે જીવને કાંઈ ન ક્ષેમસ્વરૂપ;
છતાં અવિદ્યાભાવથી રમણ કરે ત્યાં મૂઢ. ૫૫.

મૂઢ કુયોનિમહીં સૂતા તમોગ્રસ્ત[3] ચિરકાળ;
જાગી તન-ભાર્યાદિમાં કરે 'હું-મુજ' અધ્યાસ.[4] ૫૬.

આત્મતત્ત્વમાં સ્થિત થઈ નિત્ય દેખવું એમ,
મુજ તન તે મુજ આત્મ નહિ, પર તનનું પણ તેમ. ૫૭.

મૂઢાત્મા જાણે નહીં વણબોધ્યે જયમ તત્ત્વ,
બોધ્યે પણ જાણે નહીં, ફોગટ બોધન-કષ્ટ. ૫૮.

જે ઇચ્છું છું બોધવા,[5] તે તો નહિ 'હું' તત્ત્વ;
'હું' છે ગ્રાહ્ય ન અન્યને, શું બોધું હું વ્યર્થ ! ૫૯.

---

૧. ભાવિતાત્મને=આત્મસ્વરૂપને યથાર્થપણે જાણનારને.
૨. પૃથક્=ભિન્ન, જુદું. ૩. તમોગ્રસ્ત=અજ્ઞાનથી ઘેરાયેલા.
૪. અધ્યાસ=માન્યતા. ૫. બોધવા=સમજાવવા.



અંતર્જ્ઞાન ન જેહને, મૂઢ બાહ્યમાં તુષ્ટ;
કૌતુક જસ નહિ બાહ્યમાં, બુધ અંતઃસંતુષ્ટ. ૬૦.

તન સુખ-દુખ જાણે નહીં, તથાપિ એ તનમાંય,
નિગ્રહ ને અનુગ્રહ તણી બુદ્ધિ અબુધને થાય. ૬૧.

જ્યાં લગી મન-વચ-કાયને આતમરૂપ મનાય,
ત્યાં લગી છે સંસાર ને ભેદથકી શિવ થાય. ૬૨.

સ્થૂલ વસ્ત્રથી જે રીતે સ્થૂલ ગણે ન શરીર,
પુષ્ટ દેહથી જ્ઞાનીજન પુષ્ટ ન માને જીવ. ૬૩.

જીર્ણ વસ્ત્રથી જે રીતે જીર્ણ ગણે ન શરીર,
જીર્ણ દેહથી જ્ઞાનીજન જીર્ણ ન માને જીવ. ૬૪.

વસ્ત્રનાશથી જે રીતે નષ્ટ ન ગણે શરીર,
દેહનાશથી જ્ઞાનીજન નષ્ટ ન માને જીવ. ૬૫.

રક્ત[1] વસ્ત્રથી જે રીતે રક્ત ગણે ન શરીર,
રક્ત દેહથી જ્ઞાનીજન રક્ત ન માને જીવ. ૬૬.

સક્રિય જગ જેને દીસે જડ અક્રિય અણભોગ,
તે જ લહે છે પ્રશમને, અન્યે નહિ તદ્યોગ. ૬૭.

---

૧. રક્ત=લાલ.

તનકંચુકથી[1] જેહનું સંવૃત[2] જ્ઞાનશરીર,
તે જાણે નહિ આત્મને, ભવમાં ભમે સુચિર. ૬૮.

અસ્થિર અણુનો વ્યૂહ[3] છે સમ-આકાર શરીર;
સ્થિતિભ્રમથી મૂરખજનો તે જ ગણે છે જીવ. ૬૯.

હું ગોરો કૃશ સ્થૂલ ના, એ સૌ છે તનભાવ,
—એમ ગણો, ધારો સદા આત્મા જ્ઞાનસ્વભાવ. ૭૦.

જો નિશ્ચળ ધૃતિ[4] ચિત્તમાં, મુક્તિ નિયમથી હોય;
ચિત્તે નહિ નિશ્ચળ ધૃતિ, મુક્તિ નિયમથી નો'ય. ૭૧.

જનસંગે વચસંગ ને તેથી મનનો સ્પંદ,[5]
તેથી મન બહુવિધ ભમે, યોગી તજે જનસંગ. ૭૨.

અનાત્મદર્શી[6] ગામ વા વનમાં કરે નિવાસ;
નિશ્ચળ શુદ્ધાત્મામહીં આત્મદર્શીનો વાસ. ૭૩.

દેહે આતમ-ભાવના દેહાન્તરગતિ-બીજ;
આત્મામાં નિજ-ભાવના દેહમુક્તિનું બીજ. ૭૪.

જીવ જ પોતાને કરે જન્મ તથા નિર્વાણ;
તેથી નિજ ગુરુ નિશ્ચયે જીવ જ, અન્ય ન જાણ. ૭૫.

---

૧. કંચુક = કાંચળી. ૨. સંવૃત = ઢંકાયેલું. ૩. વ્યૂહ = સમૂહ.
૪. ધૃતિ = ધીરજ; ધૈર્ય; ધારણા. ૫. સ્પન્દ = વ્યગ્રતા.
૬. અનાત્મદર્શી = આત્માનો અનુભવ જેને થયો નથી તે.



દેખી લય[1] પોતાતણો, વળી મિત્રાદિવિયોગ,
દૃઢ દેહાતમબુદ્ધિને મરણભીતિ બહુ હોય. ૭૬.

નિજમાં નિજથી આત્મથી માને તન-ગતિ ભિન્ન,
અભય રહે, જયમ વસ્ત્રને છોડી ગ્રહે નવીન. ૭૭.

સૂતો જે વ્યવહારમાં, તે જાગે નિજમાંય;
જાગૃત જે વ્યવહારમાં, સુષુપ્ત[2] આત્મામાંય. ૭૮.

અંદર દેખી આત્મને, દેહાદિકને બાહ્ય,
ભેદજ્ઞાન-અભ્યાસથી શિવપદ-પ્રાપ્તિ થાય. ૭૯.

સ્વાત્મદર્શીને પ્રથમ તો જગ ઉન્મત્ત જણાય;
દૃઢ અભ્યાસ પછી જગત્ કાષ્ઠ-દૃષદવત્[3] થાય. ૮૦.

બહુ સૂણે ભાખે ભલે દેહભિન્નની વાત;
પણ તેને નહિ અનુભવે ત્યાં લગી નહિ શિવલાભ. ૮૧.

નિજને તનથી વાળીને, અનુભવવો નિજમાંય;
જેથી તે સ્વપ્નેય પણ તનમાં નહિ જોડાય. ૮૨.

પુણ્ય વ્રતે, અઘ[4] અવ્રતે, મોક્ષ ઉભયનો[5] નાશ;
અવ્રત જેમ વ્રતો તણો કરે શિવાર્થી ત્યાગ. ૮૩.

---

૧. લય = નાશ. ૨. સુષુપ્ત = સૂતેલો. ૩. દૃષદ = પત્થર; પાષાણ.
૪. અઘ = પાપ. ૫. ઉભયનો = બન્નેનો.

અવ્રતને પરિત્યાગીને વ્રતમાં રહે સુનિષ્ઠ,
વ્રતને પણ પછી પરિહરે લહી પરમ પદ નિજ. ૮૪.

અંતર્જલ્પે યુક્ત જે વિકલ્પ કેરી જાળ,
તે દુખમૂળ, તસ નાશથી ઇષ્ટ-પરમ-પદ લાભ. ૮૫.

અવ્રતિ-જન વ્રતને ગ્રહે, વ્રતી જ્ઞાનરત થાય;
પરમ-જ્ઞાનને પામીને સ્વયં 'પરમ' થઈ જાય. ૮૬.

તનને આશ્રિત લિંગ છે, તન જીવનો સંસાર;
તેથી લિંગાગ્રહી તણો છૂટે નહિ સંસાર. ૮૭.

તનને આશ્રિત જાતિ છે, તન જીવનો સંસાર;
તેથી જાત્યાગ્રહી[1] તણો છૂટે નહિ સંસાર. ૮૮.

જાતિ-લિંગ-વિકલ્પથી આગમ-આગ્રહ હોય,
તેને પણ પદ પરમની સંપ્રાપ્તિ નહિ હોય. ૮૯.

જે તજવા, જે પામવા, હઠે ભોગથી જીવ;
ત્યાં પ્રીતિ, ત્યાં દ્વેષને મોહી ધરે ફરીય. ૯૦.

અંધ પંગુની[2] દૃષ્ટિને માને અંધામાંય;
અભેદજ્ઞ જીવદૃષ્ટિને માને છે તનમાંય. ૯૧.

1. જાત્યાગ્રહી=જાતિનો આગ્રહી. ૨. પંગુ=લંગડો.



વિજ્ઞ ન માને પંગુની દૃષ્ટિ અંધામાંય,
નિજજ્ઞ[1] ત્યમ માને નહી જીવદૃષ્ટિ તનમાંય. ૯૨.

માત્ર મત્ત નિદ્રિત દશા વિભ્રમ જાણે અજ્ઞ;
દોષિતની સર્વે દશા વિભ્રમ ગણે નિજજ્ઞ. ૯૩.

તનદૃષ્ટિ સર્વાગમી[2] જાગૃત પણ ન મુકાય;
આત્મદૃષ્ટિ ઉન્મત્ત કે નિદ્રિત પણ મુકાય. ૯૪.

જેમાં મતિની મગ્નતા, તેની જ થાય પ્રતીત;
થાય પ્રતીતિ જેહની, ત્યાં જ થાય મન લીન. ૯૫.

જ્યાં નહિ મતિની મગ્નતા, તેની ન હોય પ્રતીત;
જેની ન હોય પ્રતીત ત્યાં કેમ થાય મન લીન? ૯૬.

ભિન્ન પરાત્મા સેવીને તત્સમ પરમ થવાય;
ભિન્ન દીપને સેવીને બત્તી[3] દીપક થાય. ૯૭.

અથવા નિજને સેવીને જીવ પરમ થઈ જાય;
જેમ વૃક્ષ નિજને મથી પોતે પાવક[4] થાય. ૯૮.

એમ નિરંતર ભાવવું પદ આ વચનાતીત;
પમાય જે નિજથી જ ને પુનરાગમન રહિત. ૯૯.

૧. નિજજ્ઞ=આત્માને જાણનાર. ૨. સર્વાગમી=સર્વ શાસ્ત્રોનો જાણનાર.
૩. બત્તી=દિવેટ. ૪. પાવક=અગ્નિ.

ચેતન ભૂતજ[1] હોય તો મુક્તિ અયત્ન જ હોય,
નહિ તો મુક્તિ યોગથી, યોગીને દુખ નો'ય. ૧૦૦.

સ્વપ્ને દૃષ્ટ વિનષ્ટ હો પણ જીવનો નહિ નાશ;
જાગૃતિમાં પણ તેમ છે, ભ્રમ ઉભયત્ર[2] સમાન. ૧૦૧.

અદુઃખભાવિત જ્ઞાન તો દુખ આવ્યે ક્ષય થાય;
દુઃખ સહિત ભાવે સ્વને યથાશક્તિ મુનિરાય. ૧૦૨.

ઇચ્છાદિજ નિજ યત્નથી વાયુનો સંચાર;
તેનાથી તનયંત્ર સૌ વર્તે નિજ વ્યાપાર. ૧૦૩.

જડ નિજમાં તનયંત્રને આરોપી દુખી થાય;
સુજ્ઞ તજી આરોપને લહે પરમપદ-લાભ. ૧૦૪.

જાણી સમાધિતંત્ર આ—જ્ઞાનાનંદ-ઉપાય,
જીવ તજે 'હું'બુદ્ધિને દેહાદિક પરમાંય;
છોડી એ ભવજનનીને, થઈ પરમાતમલીન,
જ્યોતિર્મય સુખને લહે, ધરે ન જન્મ નવીન. ૧૦૫.

---

૧. ભૂતજ=પૃથ્વી, પાણી, તેજ અને વાયુરૂપ ભૂતોમાંથી ઉત્પન્ન થયેલું.
૨. ઉભયત્ર=બન્ને બાજુએ.